ઇંદ્રિય=શરીરના જે ભાગ વડે કામ અથવા ભાન થાય છે તે (જેમકે આંખ, કાન, નાક, જીભ, ચામડી, હાથ, પગ, મોં, ગુદા, ઉપસ્થ)

મુખ્ય=મોટા

સોપારીનાં ઝાડ=સોપારણુ

ચોટી=વળગી; બાઝી
શોષી=ચૂસી
એકાદું=એક
ઉત્પન્ન=પેદા
અંગ=ભાગ; અવયવ
અગત્યનું=જરૂરનું
છિદ્રો=કાણાં
ખ્યાલ=અટકળ; ધારણા
બારીક=સૂક્ષ્મ; ઝીણાં

સાર.

ઝાડના મુખ્ય છ અંગ છે. મૂળ, થડ, પાંદડાં ફૂલ, ફળ, બી પહેલાં ત્રણ ઝાડને જીવાડનાર અંગો છે.

પાઠ ૫૫

ચીકણું=ચિકાસવાળું
તાડી=ખાટો નીરો, ખજુરી કે તાડનો રસ
ડહોળી=વલોવી
સીસાપેન=પેનસીલ
ઘટ=ઘાડું
છેદ=કાણું; વેહ
ગુંદર=ઝાડનો ચીકણો રસ
ઝરપે છે=ધીરે ધીરે વહે છે
આરપાર=આજુબાજુથી પેલી બાજુ
નીરો=ખજુરી વગેરેનો તરતનો ઝરેલો રસ
થોર=થુવેરીઓ; કાંટાનું ઝાડ
ખરસાણી=થુવેરની એક જાત
આંકડો=એક જાતનું ઝાડ (એના ફૂલ હનુમાનને ચઢે છે)
ઉપવાસ=ભૂખ્યા રહેવું તે
સાબુચોખા=વાંસીઆ ચોખા
છાલ=છોડા; ચામડી
રેસા=તંતુ; તાર
ગળણી=ગાળવાનું ઝીણાં કાણાંવાળું વાસણ
હલકા=જલદી પચે એવા

પાઠ ૫૬

સુખળા=ડુંડાં કે કંઠીની બાજુએ સોયા જેવું હોય છે તે
મુલક=દેશ
ખરછટ=કઠણ ને ખરબચડું લાગે એવું
બાફે=ગરમ પાણીમાં પકવે
હવાલો=તારની ચારણી
ચાળણ=ચાળતા બાકી રહેલો ભાગ; થુલું
આથો=ચઢીને ખાટું થએલું ખીરૂં
લેપરી=પટ્ટી
શુમારે=આસરે
ડુંડી=નાનું ડુંડું
ઉંબી=ઘઉંની કંઠી
પોટીસ=ગુમડાં વગેરે દરદ પકવવા માટે ઘઉં અળસી વગેરેના લોટની બાફીને લુગદી કરવામાં આવે છે તે
ખાંચ=ખોભણ
દાઉદખાની=પીળા પોચા
ડુંમસો=ટુંકા પણ ભરાઉ

થાજીઆ=ઝીણા કાળાશ
પડતા
પોંહા=ધોળો ડુમસો
હાટ=ભાગ
પુષ્ટિકારક=જોર આ-
પનાર
ચુલું=જીસું; ચાળણુ
ઝાટકીએ=ઉપણીએ
રવો=ઝીણો દાણાદાર
લોટ
જખમ=ઘા

સાર.

અનાજની પરીક્ષા તથા તેનો ઉપયોગ સમજાય છે.

પાઠ ૫૭.

બગીચો=બાગ
દાંડી=વચલી નસ
સાંકડું=નાનું
ગંજીફા=રમવાનાં પાનાં
માફક=પેઠે

કમળ=તળાવમાં થતું
એક જાતનું ફૂલ
જથાબંધ=સામટું
દાંતા=અણીવાળી કોર
ગુલમોર=એક જાતનું
ફૂલનું ઝાડ
કળી=વગર ખીલેલું ફૂલ
ચુંટી=તોડી
થોકડો=જથો; જુડો
અળવી=અળુના પાંતરાં
કુંવાર=કુંવારનો છોડ
અગથીઓ=અગથીઆ
નું ઝાડ

પાઠ ૫૮.

પતંગીઉં=એક જાતની
સુંદર પાંખવાળો કીડો
જીવજંતુ=નાના જીવડાં
પારખું=જાણ્યું
ખૂબસુરત=દેખાવડો
બીલકુલ=સમુળગી
વેતરી=વેઠ કરનારી
બદલાવી=ફેરફાર કરવી

ઇયળ=પેટે ચાલનાર
કીડા
પુડા=મધમાખીનું ઘર
અવતાર=એકરૂપ બદલી
બીજા રૂપમાં આવવું તે
હુમલો=હલ્લો
વંદા=વાંદા
જઠર=ખાધેલું પચાવ-
વાની કોથળી
માદા=પશુ પક્ષીમાં સ્ત્રી
જાત હોય તે
પાંખ=પર
અવસ્થા=દશા; હાલત
કોશેટો=લાંબી ગોળ દડી
નિરાંતવળી=નચિંત થઇ
કુટુંબ=વંશ; ઓલાદ

પાઠ ૫૯.

ઘોળાયા કરતો=વારંવાર
આવતો
સમડી=કાગડાના આકા-
રનું મોટું પ્રાણી
ચીરે=ફાડે

કરાંઠી=સુકાએલા છોડની ડાખલી; રાડા

ગરદન=ડોક

ખાઉધરા=ખાતાં ધરાય નહિ એવા

કોહેલું=સડેલું

નહોર=તીણા નખ

ભાગોળ=શહેર કે ગામમાં પેસવાનો દરવાજો

ભાથું=મુસાફરીનું ખાવાનું

તીર=કામઠું

ધસારાબંધ=ઝડપથી

નજર=નીધા

સરી=લપસી

અંધારા=ચક્કર;ફેર;તંમર

ગીધ=ફાડી ખાનારૂં મોટું પક્ષી

ઢોળાવ=ઢાળ

ગળે છે=ઉતારી દે છે

ક્રમકમાટ=ચીતળી

સાર.

ઇશ્વરે જે પ્રાણીઓ બનાવ્યા તે આપણા સુખને માટેજ બનાવ્યાં; માટે પરમેશ્વરનો પાડ માનવો.

પાઠ ૬૦.

દોડાદોડ=નાસાનાસ

કુમળી=નરમાશવાળી

પીડે=બરડે; વાંસે

ગુચ્છવાળી=ઝુમખા જેવા વાળવાળી

છોડાં=છોતરાં

કાતરી=કાપી

કણા=પુળા

ઠેકડા=કુદકા

ભપકાદાર=શોભિતા

સુંદર=ખુબસુરત

બદન=શરીર, અંગ

રમુજ=આનંદ

વલવલાટ=ઠરીને નહિ બેસવું તે; વલોપાત

ગર=માવો;

કુંપળ=ફણગો; અંકૂર

રાક્ષી=બંને બાજુપર એકેકો અણીદાર દંત હોય છે તે

રૂવાંટી=ઝીણા વાળ

ચપળ=ચાલાક

અવાજ=સાદ

ઘાતકી=ખુની

દુશ્મન=શત્રુ

બચાવ=રક્ષણ

ચકોર=ચપળ

પોલાણ=પોકળ; ભાગ

ઝુમખો=જથો

છત=છાજ

બીકણ=બીએ એવું

નજરે પડતું=દેખાતું

ખાસ કરીને=ઘણું કરીને

દૂરનું દૂર=આઘે

તેજ=ચાલાક

કૌવતવાળા=મજબુત; જોરાવર

ઉપરાઉપરી=એક પછી એક

ફાળ=કુદકો; છળંગ

ધટ=જાડી

રતુમડો=રતાશ પડતો

રહેઠાણુ=વાસ; રહેવાનું ઠેકાણું; મુકામ [વખત
સમીસાંજ=દીવાબત્તીનો

પાઠ ૬૧.

છટે=દૂર જાય; ખસે
પંજા=પાંચ આંગળાં ને હથેલી જેટલો કાંડા લગીનો ભાગ
માન=આબરૂ; મોટાઇ
પુછડીહલાવતો=ખૂશથતો
ફરી વળ્યા=વીટળાયા
સરત=હાર; જીત
ખંખેરી=ઝાટકી
લટકતી=લબડતી
લાળ=ચીકણું થુંક
ગબડી=દોટ
ભરોસાદાર=વિશ્વાસુ
મમતાળુ=માયાળુ
તાબેદાર= તાબે રહેનાર
પત્ત કરતી=લેખતી
ભાવ=પ્યાર; હેત

પા ૬૨

સગાં=કુટુંબી
નળો=ઘુંટણથી પાટલી સુધીનો પગનો ભાગ
ચહેરો=ઘાટ; મોંની શિકલ
બળવાન=જોરાવર
પકવું=પહોચેલું; પેક
ભમે=ભટકે; રવડે
સવાલ=પ્રશ્ન
ટટાર=સીધાં
અણીપડતાં=અણીવાળા
દેખાવ=શોભા; ભરાવ
બરછટ=કરકરા
બગાસું ખાય છે=આળસ દૂર કરે છે
ડાચુ=જડબું
વિકરાળ=બિહામણું; ડરામણું
છાતીવાળું=હિંમતવાન
હુમલો=ધસારો
ટુકડી=ટોળી
બદામીઉં=બદામના રંગ જેવું
ભુરાશ પડતી=ભુરાશપર
પાદર=ગામના ઝાંપા બહારની જગા
કિકિઆરી=ચીસ
ખંધુ=લુચ્ચું
ભારો=ગુચ્છો
ખોળ=શોધ; તપાસ
દરાખ જેવાં=ગળ્યાં; મીઠાં
વાઢ=શેરડીનું ખેતર
સતાવવું=દુઃખ દેવું; પજવવું

પાઠ ૬૩.

નુકસાન=બગાડ
કીકી=આંખના ડેળાની વચ્ચેનો ગોળ કાળો ભાગ
ચીરું=ફાકું
ઘુરકવા=ડોળા કાઢવા
પડખે=બાજુએ
ખાતર=માટે; વાસ્તે
પજવો છો=હેરાનકરોછો
કોઠી=નાનો કોઠાર
સહેલાઇથી=થોડામહેનતે
ઝાંખા=થોડા
શોભા=દેખાવ

જ્ઞાન=સમજ
ઘોર=ઘણું બિહામણું
ખબર=જાણ
મ્યાન=તરવારનું ઘર
કરકરી=ખરબચડી
છોલી=ફોતરાં કાઢી
ઉપયોગીપણું=જરૂરિ-
આત
ગુણ=પાડ
કાસળ કાઢવું=જડ મૂ
ળથી નાશ કરવા
મહેરબાની=દયા

પાઠ ૬૪.

વાઘણ=વાઘની માદા
ચળકે=ઝળકે
બો=બીક
ચાખેલ=સ્વાદીએ
દીપડો=વાઘની જાતનું
પ્રાણી
સિંહણ=સિંહની માદા
અજાયબ=નવાઇ
ધ્યાન=ચિત્ત
અગ્નિ=દેવતા
વાળ=કેસવાળી; ઘોડા કે
સિંહની ડોકપરના વાળ
ઠેલણ=હડસેલી શકાય
તેવી
હેરાન=દુ:ખી
ઘુઘુવાટા=ઘુ ઘુ કરતો
અવાજ
ગર્જના=સિંહનું બરા-
ડવું તે
ધ્રૂજતાં=કાંપતાં
ભયંકર=બિહામણા
ગોસ=માંસ
ઠેકાણું=નિયમ
વસ્તી=વાસો; રહેઠાણ
ચાંઠા=ડાઘા
આંતરે=ઘેરે; કબજે કરે

પાઠ ૬૫.

ગોકળગાય=પરમેશ્વરની
ગાય
કરોડ=વાંસાની વચમાંનું
ઉભું હાડકું
ઉપરાંત=વધારે
દવાશાળા=ઇસ્પિતાલ
દવાખાનું
હાડપિંજર=હાડકાનું
ખોખું
દિવાલ=ભીંત; કરો
ટાંગ્યું=લટકાવ્યું
બિહામણું=ડરામણું
ગરદન=બોચી
પાંસળી=પાંસા પરની
હાડકી
બેડોળ=કદરૂપું
ભરાઉ=ભરેલું
બેશક=નક્કી; ખચીત
કૌવત=જોર; બળ
અવયવો=ભાગો
ખોપરી=મગજનો દાબડો
મગજ=ખોપરી માંહેનો
નરમ ભાગ
ફેફસાં=દમ ભરવાની
કોથળી
હૃદય=લોહીની ટાંકી
થાપો=કુલાની પાસેનો
જાંગનો ભાગ
ફુકકો=દમ ભરવાની
કોથળી
સંરક્ષણ=સારી સંભાળ

રેસા=તાર; તાંતણા
સંકડાય=સંકોચાય
ગોટલો બાઝે છે=એક ઠેકાણે એકઠો થાય છે
સ. ૧) માંસપેશી શેની બનેલી છે? ૨) હાડકાંની જરૂર શા માટે છે? સ. ૩) લોચામાં કયો ગુણ છે કે જેથી તે લાંબા ટુંકા થઇ શકે છે? સ. ૪) શરીરમાં કેટલાં હાડકાં છે?

પાઠ ૬૬.

ત્વચા=ચામડી
સુંવાળી=લીસું
ઉપસી=ઉચી આવી
દરદ=દુ:ખ
નિશાણી=એંધાણી
અડકે=છેડે
ખમાતું=સહન થતું
ખોળીઉં=ઉપલું પડ
હેઠળ=નીચે
રેખા=કાપા
ગરમ=હુંફાળા

ગેંડા=ગેંડાનો નર
કુદરતી=માણસનું કરેલું નહિ તે; ઇશ્વરે બનાવેલું તે
ઢાંકણુ=કવર; પડ
રક્ષણ=સંભાળ; બચાવ
ઢીમું=ઢીમણું
ગોડ=રસવિકારની ગાંઠ
પડ=પોપડો
ખરી પડે છે=જતી રહે છે; નીકળી જાય છે
રૂઝાતા જાય=રૂઝ આવતી જાય
લદ્દુ=જબરી
આળુ=જરા અડકયાથી પણ દુ:ખાય તેવું
ભોકે=ઘોંચે; ઘાલે
ખાલ=ચામડી; ત્વચા
ઓસીકું=નાનો તકીઆ
દાખલો=ઉદાહરણ
ગલેફ=ઓસીકાં કે ગોદડાંને ચઢાવેલું પડ
સૂક્ષ્મદર્શક=નાની ચીજને મોટી દેખાડનાર
અસંખ્ય=અગણિત; ઘણાજ

સ. ૧) શરીરનું ઢાંકણુ કયું? સ. ૨) ચામડીનો ઉપયોગ કહો. સ. ૩) ચામડીમાં કેટલા પડ છે? સ. ૪) એ પડનો ઉપયોગ સમજાવો. સ. ૫) કઇ જગાની ચામડી જાડી હોય છે? સ. ૬) એક દાખલો આપી ચામડીની રચના સમજાવો. સ. ૭) જેના શરીર પર વાળ વધારે હોય તેની ચામડી કેવી હોય છે?

પાઠ ૬૭.

ટકોરો=આંગળી વાળી નખથી ઠોકવું તે
ટકે છે=નભે છે; ચાલે છે
પહેર્યા=ઘાલ્યા
બીક=ડર; ભો
કોચળી=થેલી

ઠરાયું=ઉભું રહેવાયું
ટાંગી=લટકાવી
રાંપી=ચામડું સાફ કરવાનું મોચીનું ઓજાર
કુમળું=નરમ
સુરત=તાપી નદીને ડાબે કાંઠે શહેર છે
તળીઉં=નીચેનો ભાગ
ખાસું=મજાનું; સારૂં
તરડે=તરડ પડે; ચીરા પડે; ફાટે
કમાવેલું=પકવેલું
ચમારવાડો=જ્યાં ચમાર લોકો રહેતા હોય તે જગા
વાસ મારતી=ગંધાતી
જીન=ઘોડાની પીઠ પર નાખવાની ગાદી
મસક=પાણી ભરવાનો ચામડાનો કોથળો

સ. ૧) ચામડામાં કયો ગુણ છે કે જેથી પાણી અંદરથી બહાર નીકળી જતું નથી ? સ. ૨) જોડાં પહેરવાથી શો લાભ ? સ. ૩) ચામડાંને કેળવવાની રીત કહો. સ. ૪) ચામડાની કઈ કઈ ચીજો થાય છે?

પાઠ ૬૮.

ઊન=ઘેટાના વાળ
વાંકડીઆ=ગુંચળીવાળા
ટકાઉ=મજબુત
સાચવી=સંભાળી
ટુઆ=ઝીણાં જીવડાં
હૂંફ=ગરમાવો
ઢોરઢાંકર=બળદ ઘોડા વગેરે
ઓઢો=બળદને ઓઢાડવા માટે શીવેલું કપડું
ગરમાવો=હુંફ; ગરમી
ઉતર્યા=પૂરા થયા; ગયા
ગાંસડી=પોટલી
કાંતવું=લાંબા દોરા કાઢવા
ઊઠવેઠ=કડાકુટ; માથાકુટ
ભરાઉ=પાસે પાસે
વારકુટ=જેકીટ; કંમર સુધીનો વગર બાંયનો કબજો
ઝબ્બો=પગની પાની સુધીનો ડગલો; જામો
કબજો=બાંય વગરનું બદન

સ. ૧) ઘેટાને ટાઢ કેમ વાતી નથી ? સ ૨) ભરવાડ કયારે ઊન કાતરી લે છે ? સ. ૩) ઊનનો ઉપયોગ કહો સ. ૪) ઊનનાં કપડાંથી ટાઢ કેમ વાતી નથી ? જ. ૪) શરીરમાંથી ગરમી નીકળી જવા પામતી નથી.

પાઠ ૬૯.

આંગણું=બારણા આગળની જગા
તળીઉં=નીચેનો ભાગ
ભેજ=શરદી
સાગ=લાકડાની એક જાત
વાડો=ઘરની પાછળની ખુલ્લી જમીન
કયારો=ચોરસ ખાડો
રંગબેરંગી=જુદા જુદા

રંગના
ચોઘડીએ=વખતે
ઉમરણી=ભોંય તળી-
આથી ઉંચાઇ
ખાસ=જાણી જોઇને
કુંભી=ઘરના ઉભા
આડા લાકડા બેસા
ડવા માટેની બેસણી
ઢોલાણું=છો દેવડાવવીતે
પરસાળ=ઘરમાં પેસતાં
પહેલો ખંડ આવે
છે તે
ઓસરી=ઓટલી
દેરાસર=દેવને રાખવાનું
ઠેકાણું
પૂજા=સેવા
રસોડું=રાંધણી; રાંધ-
વાનો ઓરડો
સરડાવવું=છાપરા ઉપર
કામડાં બંધાવવા
પાણિઆરૂં=પાણીના
બેડાં તથા ગોળી
મૂકવાની જગો
કોઠાર=અનાજ ભરી
મૂકવા માટે લાકડાને
કે કાદવનો બનાવેલો તે
ધુમાડીઉં=ધુમાડો નીક-
ળવા માટે બાંધેલું તે
ઘેરાઈ=ભરાઇ
વૈદના પગલાં થતાં નથી
=રોગ આવતો નથી
જાજરૂ=સંડાસ
છીંડી=ઘરની પછાડીના
નેવાં પડવાનો ભાગ
સીડી=નીસરણી
દિવાનખાનું=બેસવા ઉ
ઠવાનો મુખ્ય ઓરડો
મોટાં=પ્રખ્યાત; નામીચા
ખુશીથી=સહાઇથી
વેલ=વેલા
ખીંટી=ખુંટી
તાકા=મોટા ગોખલા
મોભ=છાપરાની વચમાં-
નું આડું લાકડું
સાટી=વળી
પકવાસા=છાપરાના સા-
કટા સાથે જડેલી
પાટીયાની ચીપો
કામડું=વાંસની બે
ફાડમાંની એક ફાડ
છત=છાજ
નરદમ=તદન
ઝરૂખો=ગોખ; રવેસ
બેશક=નક્કી
સવડવાળું=સગવડ
ભરેલું; વગવાળું

પાઠ ૭૦.

ઓળો=છાયો; પડછાયો
મદારી=ખેલ કરનાર
છાયાયંત્ર=ઓળાપરથી
વખત જાણવાનું યંત્ર
સાધન=સાહિત્ય

સ. ૧) અસલના વખ-
તમાં ઘડિયાળ હતા ?
સ. ૨) અસલના લોકો
વખત શા ઉપરથી
જાણતા.

પાઠ ૭૧.

ઘડિયાળ=વખત જાણ-
વાનું યંત્ર
ચંદો=ઘડિયાળમાં આં-
કા માંડેલો ગોળ ભાગ

પગથીઉં=નાની ઓટલી
I=એક
II=બે
III=ત્રણ
VI=ચાર
V=પાંચ
VI=છ
VII=સાત
VIII=આઠ (પ+૩)
IX=નવ દશ-એક)
X=દશ
XI=અગિઆર (દશ+એક)
XII=બાર (દશ+બે)
કુંડાળું=ગોળચકરડું
મિનિટ=અઢી પળ; સાઠ સેકંડ
અંતરે=છેટે
કમાન=પોલાદની પટીનું ગુંછળું
સામટા=બધા
મધરાત=વચળી રાત
ઝડપ=ઉતાવળ
કુંચી=ચાવી

ઉકેલતી=ઉધડતી

સ. ૧) ઘડીઆળમાં કેટલા કાંટા હોય છે? સ. ૨) બંને કાંટા સરખા હોય છે? સ. ૩) નાના તથા મોટા કાંટાથી શું જણાય છે? સ. ૪.) ઘડીઆળ જોતાં શીખવાને માટે પહેલાં શું ઓળખવું જોઇએ? સ. ૫) ચંદાપર કેટલે સુધી આંકડા માંડેલા છે? સ. ૬) નાનો કાંટો આઠપર હોય ત્યારે મોટો કાંટો કયા આંકડાપર હોય છે?

પાઠ ૭ર.

પડીકું=બંદલ
સમતોળ=સરખું વજન
તોળ્યું=જોખ્યું
દાંડી=ત્રાજવા બાંધે છે તે લાકડી
ચીચવો=એક ઉભાલા કડાપર બીજા આડા લાકડાની વચમાં સાલ ઘાલી બે છેડે બેસવાની રમત
મધ્ય=વચલા
સેજસાજ=જરા
ત્રાજવું=તોળવાનું સાધન
પલ્લું=છાબડું
છેતર્યો=ઠગ્યો
પાધરો=સીધો
તોલ=વજન
સમાન=સરખી
યુક્તિ=તદબીર
ખાધ=નુકશાન

સ. ૧) આપણને માલ ઓછો ન મળે તે માટે ત્રાજવાની બાબતમાં શી તપાસ કરવી?

ત્રીજી ચોપડીનો

"ડિકટેશન શિક્ષક"

ભાગ ૩. ત્રણ આના.

પાઠ ૭ કવિતાની સમજુતી

આપણી આજુબાજુએ ગગનમાં અને મનમાં પરમેશ્વરનું તેજ છે. ઘાસ અને ચાસની પાસે પણ પરમેશ્વરનું રહેઠાણ છે. (૧) ભોંયમાં પેસીને ભોંયરામાં કાંઇ વાત કરીએ અથવા મનમાં નઠારા (કોઈનું ભુંડું કરવાનો) વિચાર કરીએ તો તે પરમેશ્વર જાણે છે. (૨) રજકણ મૂકવાને માટે પરમેશ્વર વગરની કોઇપણ જગા શોધીએ પણ પરમેશ્વર વગરની કોઇપણ જગા ખાલી મળે નહિ, મતલબ કે બધેજ પરમેશ્વર છે.

પાઠ ૮ પરમેશ્વરની પ્રાર્થના.

અરે ! દેવના પણ દેવ ! હે જગતના ધણી (પરમેશ્વર) હું તમને પગે લાગીને પ્રાર્થના કરૂં છું કે દયાળુ તમે મને દુઃખથી બચાવો હે ગરીબોના બેલી (પરમેશ્વર) મને ફક્ત તારોજ આસરો છે (૧) હે પરમેશ્વર અને તમે હંમેશાં દુઃખ મટાડનારા છો; બધાનું પોષણ કરનારા છો; તમે મારાપર કરોડો ઉપકાર કર્યા છે. હે ગરીબોના બેલી (પરમેશ્વર) મને ફક્ત એક તારોજ આસરો છે, (૨) હું ગરીબમાં ગરીબ અને સમજણ વગરનો જીવ છું મારી કાંઇ પણ વાત તમારાથી અજાણી નથી; (મતલબ કે બધી તું જાણે છેજ) હે દયાળુ મારો ગુનો માફ કરો, હે ગરીબોના બેલી (પરમેશ્વર) મને ફક્ત એક તારોજ આસરો છે (૩) અમે નાના છોકરાઓ હાથ જોડીને (કરગરીને) કહીએ છીએ કે હે પ્રભુ અમારી બુદ્ધિ ઘણીજ ઓછીજ છે, માટે મહેરબાની કરીને અમારો માગણી મનમાં લાવો; હે ગરીબોના બેલી (પરમેશ્વર) મને ફક્ત એક તમારોજ આ-

શરો છે. (૪) અમે ને અમારાં જે સગાંવહાલાં છે તે બધાં શરીરે સુખી (તંદુરસ્ત) અને જબરાં રહીએ. તમે અમને હંમેશાં સદ્બુદ્ધી આપજો, હે ગરીબોના બેલી (પરમેશ્વર) મને એક ફક્ત તારોજ આશરો છે. (૫) મેં તમારી જરાપણ સ્તુતિ કરી નથી, તેમજ આપના ગુણ ગાવાની (ભજન કરવાની) શક્તિ મારામાં નથી, તોપણ દયા લાવીને (મહેરબાની કરીને) સેવકના દુઃખ મટાડો, હે ગરીબોના બેલી (પરમેશ્વર) મને ફક્ત એક તારોજ આશરો છે. (૬)

પાઠ ૧૬ સત્ય.

અરે મારે સત્યનું ધ્યાન ધરવું અને નક્કી સાચું બોલવું કદાપિ ખોટું કામ કરવું નહિ, અને દુનિયામાં આબરૂથી પંકાયલા રહેવું. (૧) સત્યના બીજથી સત્યનું મોટું ઝાડ થશે; અને તેના લાભકારી સારાં ફળ મળશે, સત્યરૂપી ઝાડની નીચે માણસો આસરો લેશે, તેથી તેમનાં દુઃખો જતા રહેશે અને બધાં સુખ મળશે. (૨) દુનિયામાં બધાં કામ સત્યમાં (સત્યને આધારે) રહેલાં છે માટે અસત્ય કામ કરવાથી માણસ દુઃખમાં આવી પડશે જેમ સત્ય રૂપી સુરજનું તેજ ઘણું પ્રકાશશે, તેમ કપટ અને નઠારી બુદ્ધિ (સત્યની) બીકથી નાશ પામશે (જતી રહેશે) (૩) કદાચ કોઇ કારણથી સત્ય ઢંકાઇ જશે (જાહેરમાં આવશે નહિ) તોપણ આખરે સત્યનોજ પ્રકાશ થશે. મતલબ કે સત્ય ઉઘાડુ પડશે જેમ સુરજ કદી વાદળાંથી ઢંકાઈ જાય છે. તોપણ તે પાછો ફરીથી ખુલ્લો થઇ પ્રકાશે છે, તેમ. (૪) સાચને નુકસાન નથી, (સાચું બોલવાથી નુકસાન થતું નથી) તેમ તેનો કદાપ નાશ થતો નથી, માટે હંમેશાં સાચું બોલીનેજ દુનિયામાં જીત મેળવવી, સત્ય ઘણાં દુઃખ નક્કી ટાળે

છે, "સત્યના" જેવું જોર બીજું નક્કી નથી (૫) સત્યમાં હંમેશ ખરૂં સુખ રહેલું છે, એટલુંજ નહી પણ સત્યથી પરમેશ્વર ઘણા ખુશ થશે. વળી સત્ય વગર બીજો ધર્મ નથી, માટે સત્યથી સ્વર્ગ જીતો અને હંમેશાં ખુશ રહો. (૬)

પાઠ ૨૪ પશુઓનાં ટોળામાં તકરાર.

ચોપગાં જનાવરોમાં એક વાંધો પડયો, તેથી તેઓએ પોતે સામસામા સવાલ જવાબ કરવા માટે કચેરી ભરી (ભેગાં થયાં) અને ત્યાં બધાં નર અને માદા બેઠાં એટલે ગાય—હું ગાય ગરીબડી પડી એટલે મારા ગુણોની (ઉપયોગીપણાની) કદર કોણ કરશે? મતલબ કે કોઇ નહિ. મારાં વાછરડાં બિચારાં દૂધ વગર ટળવળે છે અને દૂધ તો બીજા ખાય છે; તોપણ મારા પર થતા જુલમનો પાર કયાં છે? (ટેક) (૧) કુતરો—હું વિશ્વાસુ પ્રાણી છું ધણીનું અન્ન ખાઇને મનમાં ટેક રાખીને તેના ખાધેલા લૂણનો બદલો વાળી આપું છું અને વળી રાત દિવસ સેવા પણ કરૂં છું (ટેક) (૨) ગધેડો—બેવકુફ (અક્કલ વગરના) માણસ મને હસે છે, પણ સમજતા નથી કે ભાર કોણ ઉપાડે છે? ભારે વજન લીધે (પીઠપર ભરે) તોપણ વગર તકરારે હું ચાલું છું; પણ કહો કે માણસો મારો ગુણ કયાં જાણે છે? (ટેક) (૩) ઘોડો —હું શરીરે દુઃખ વેઠીને ચાકરી કરૂં છું અને કદાપી હાર (ખાવાનું) પણ ન ખાઉં, ધણીને પીઠપર બેસાડીને મુસાફરી કરૂં છું તોપણ કહો કે કોણ મારી કાળજી રાખે છે? (ટેક) (૪) ઊંટ—મુસાફરીમાં રસ્તો કાપવાને હું ઘણી લાંબી મુસાફરી કરૂં છું તોપણ કોઇ ઘાતકી મુસાફર પાણીને માટે મને મારી

નાખે છે (રણમાં પાણી નહિ મળવાથી મુસાફર પોતાનો જીવ બચાવવાને ઊંટને મારે છે કેમકે તેની પીઠપરના ઢેકામાં પાણી ભરાઇ રહેલું હોય છે.) છતાં પણ મરતાં મરતાં હું પરોપકાર કરૂં છું (ટેક) (૫) હાથી—રાજાની અંબાડીનો આધાર મારાપર છે. (મતલબ કે મારા વડે અંબાડી શોભે છે,) મારાં પગલાંથી સ્વારી સારી દેખાય છે. અને વળી દરબાર પણ શોભે છે. તેથી હું પશુઓમાં મોટો સરદાર છું (મતલબ કે પશુઓમાં હુંજ મોટો છું) (ટેક) (૬) બકરો—હું જરા પણ દુઃખ આપતો નથી. તોપણ માણસ મારૂં માંસ ખાવાને તલપી રહે છે; તેથી હું ચંડાળના હાથે કપાઇ મરૂં છું કહો મને બીન ગુનેહગારને ઇન્સાફ ક્યાં મળે છે? (મતલબ કે મળતો નથી) (ટેક) (૭) બળદ—મારા જોરથી ખેડુત હળ-જમીન ખેડે છે મારા પર આખી દુનિઆનો આધાર છે; હુંજ સ્વારી કે વેપારનો રોજનો ભાર ઉપાડું છું તોપણ મને જરા પણ આરામ મળતો નથી (ટેક (૮)

ગધેડો, બકરો, બળદ, હાથી, ઘોડો, ને ગાય એ બિચારાં પ્રાણી બીજાના ભરોસા પર અફળાય છે. વિશ્વમાં નઠારા કામને માટે જો કે સરકાર સજા કરે છે, તો પછી પશુ પક્ષીને દુઃખ દેતાં પરમેશ્વર ગુસ્સે થાય નહિ ? મતલબ કે થાયજ.

પાઠ ૨૭, જુઓ કે જંતુની જાતમાં કીડી પણ અનાજ એકઠું કરે છે. અને બધી સાથે મળીને હંમેશાં હળીમળી દરમાં રહે છે.

પાઠ ૩૧. પક્ષીઓની ખુશાલી.

ઝાડ ને છોડવાની ડાળીઓ હાલે છે. અને પવન પાંદડાં હલાવે છે. શોભાયમાન પક્ષીઓ મધુર ગાયન ગાતા ઊડે છે. (મતલબ

કે કલ્લોલ કરે છે) પક્ષીઓ મધુર ગાયન ગાતાં પરમેશ્વરનું ધ્યાન ધરતાં જંગલમાં ચેનબાજી કરતાં અને હંમેશાં ખુશીમાં ફરતાં ટોળામાં હળીમળીને રહેતાં (એક બીજાને) મનની વાતો કહે છે. સુખીઆ પક્ષી હંમેશાં ઝાડ છોડવાની ડાળીપર ડોલે છે (૧) કોઈ જંગલમાં ફળ ખાય છે. કોઇ દાણા ખાતા જાય. કોઇ ફૂળમાંનો રસ ચૂસે છે અને કોઇ લીલોતરી ખાય છે. કોઇ લીલોતરી ખાય અને પાણી ઓવારે દોડી જાય, બધાં પક્ષીઓ સાથે નહાય અને પછી પોતાને રસ્તે પાછાં ફરે, સાજે માંળામાં બચ્ચાંને સુખે બેઠેલાં જોઇ સૂએ છે, સવાર થતાં પહેલાં ઉઠીને દોડે છે અને કોઇ જંગલમાં ફળ ખાય છે. (૨) સારી રીતે ઝુલતાં ફળ અને જુદી જુદી જાતનો મેવો પરમેશ્વરે આપ્યો છે તે બધાં પંખીઓ હેતથી ખાય છે, વળી પરમેશ્વરે ખેતરમાં પુરેપુરો પાક આપ્યો છે તે મીઠો માલ મંડ્યા રહીને ખાય તોપણ ખૂટે નહિ એટલો છે, તે ખાઇને હંમેશાં સંતોષ રાખીને દરરોજ ચોકખું પાણી પીએ છે, અને પોતાને ઠેકાણે આવીને નિરાંતે બેસે છે. ફળો સારી રીતે હાલે છે. (૩)

ઉદ્યમ વિષે

મહેનતથી માણસ એકલો હોય તોપણ હજારો માણસોને પાછળ પાડે છે, મતલબ કે પોતે આગળ પડે છે. મહેનતથી મરજી મુજબ પૈસા અને અનાજ મેળવી શકાય છે. મહેનતથી રાજાની પદવી લેવી હોય તો તે કાંઇ આઘે નથી મતલબ કે તે પણ મેળવાય છે; મહેનતથી દેવ અને રાક્ષસ તાબે કરી શકાય છે, મહેનતથી આપદાઓ તુરત જતી રહે છે. મહેનતુ માણસો ધૂળમાંથી પણ સોનું શોધી કાઢે છે. અરે બાળકો! તમે મહેનતને ઇચ્છેલું ફળ આપનાર ગાય બરાબર જાણો. મહેનતથી ધાર્યા મુજબ ઘણો લાભ મેળવાય છે,

સાર—આળસ છોડો મહેનત કરવી.

પાઠ ૩૬ ગ્રીષ્મ ઋતુનો મહિમા.

પરમેશ્વરની મોટાઇ અમે ગ્રીષ્મ ઋતુમાં જોઇ લીધી. ઝાડની ઠંડી છાયામાં ફૂલ ફળને ખુશીથી હાલતાં જોયાં. (૧) કોયલ મીઠા સ્વરથી બોલતી હતી, તેથી આ આંબાનું ઝાડ સારૂં દેખાય છે. જેમ જમીન (સુરજની ગરમીથી) ગરમ થતી જાય છે તેમ મોગરો (પોતાની) સારી વાસ ફેલાવે છે. (૨) આંબો—જંગલમાં અને ઝાડોમાં રમતી અને ખૂશ થતી વસંત ઋતુ મને (આંબાને) મોર આપીને રખડતી રખડતી ગઇ, પછી ગરમીની ઋતુ થઇ એટલે આંબાપર બહુ સારી કેરી આવી, તેને સારી લીલીછમ જોઇને માણુસો તે (તે લેવાને) લોભાય છે. (૧) એ ઋતુમાં ઘણો તાપ પડે છે, તેથી કેરીઓ ઝાડપર પાકીને ખરી પડે તે પછી રસદાર થઇને સારો કેસરીઆ રંગ ધરે છે. તે (કેરી) રસથી દુનિયાના લોકોનું મન પોતાની તરફ ખેંચતી તેથી કેરીની મજા મનમાં રહેતી (૨) કોયલ—જુઓ આ ગરમીની ઋતુમાં ઘામ ઘણો થાય છે. તેથી પક્ષી ઊડીને જંગલે જંગલ ફરે છે (કોયલ) ટહુકાથી માણુસનું મન મારા તરફ ખેંચું છું મારૂં રહેઠાણુ આંબાના ઝાડપર છે. (૧) હું મારા કાળા રંગના શરીરથી ઓળખાઉં છું અને મારા મધુરા સાદ વડે વખણાઉં છું (હું માણુસોને) ગાયનના સુર સમજાવું છું અને મનને મોહ પમાડે એવો બાગ ઘણો ગજાવી મૂકું છું. (૨) મોગરો—જુઓ આ બાગ સફેદ મોગરાના ફૂલથી રૂપેરી હોય એવો શોભે છે. વેલાઓમાં ખીલેલી કળીઓ છે તેથી શરીરમાં સારી વાસ ભરાય છે હું ઘણી પાંખડીઓ ફેલાવી ઝારીના જેવો બન્યો છું બધા લોકોએ મને ગ્રીષ્મનો ખીલેલો બાળક ગણ્યો છે.

ઈંદ્રવજ્રા

આંબો, કોયળ અને મોગરો એક હારમાં સાથે ગાય છે

આંબો—કેરી રસદાર હોય તેજ સારી.
કોયલ—હું ઝીણા સ્વરને લીધે ઘણી વખણાઉં છું.
મોગરો—અટ મોગરાની મીઠી સુગંધ છે.
બધા કહે છે અમે સારી અને શોભીતી ગ્રીષ્મ ઋતુ જાણી.

પા ૪૦ મો. સ્વચ્છ પાણીથી ભરેલી સારી નદી જુઓ, તેને કાંઠે નાંના મોટા ઝાડો ઊગેલાં છે એમાં જુદા જુદા રંગનાં માછલાં મજા કરતાં અને કિનારાપર લીલુંછમ જેવું ઘાસ પશુઓ ચરતાં જણાય છે. બધા શહેરનો દેખાવ નક્કી નદીથીજ સમજાવો, નદીથી નહાવાનું ધોવાનું, પાણી પીવાનું મોટું સુખ સમજવું.

ભૂગોળના સવાલ.

પાઠ ૩૮ મો. સ.) પ્રલ્હાદ શું ધંધો કરતો હતો? વલસાડથી પારડી કઇ દિશામાં છે? વલસાડથી પારડી જતાં રસ્તે કઇ નદી આવે? પારનેરાના ડુંગરાના શિખરપર ચઢીને તેમણે શું જોયું? પારડી આવી તેઓએ શું કર્યું?

પાઠ ૩૯ સવાલ) ગુજરાતમાં મોટો પર્વત કયો છે? આબુથી બીજા નાના પહાડ કયા કયા છે? ટેકરો, ડુંગરી, ડુંગર, પર્વત તળેટી, અને ખીણ એટલે શું તે સમજાવો. નવી જમીન શી રીતે બને છે? કયા પર્વત પર બંગલા, કિલ્લા, દહેરાં વગેરે બાંધી શકાય ?

મેદાન એટલે શું તે સમજાવો. લસુંદ્રા, દેવકી ઉનાઇ, તુળસીસ્યામ એ કુંડમાં ઉના પાણી શાથી હશે ? પર્વતો ને મેદાનો કેમ થયાં તે સમજાવો. મેદાન અને ડુંગરોનો ઉપયોગ કહો.

પાઠ ૪૦ સવાલ) વરસાદનાં પાણીનાં ટીપા શું શું કામ કરે છે ? નદીનો ઉપયોગ કહો. નદીના મુખ આગળની અને મૂળ આગળની જગામાં શો ફેર હોય છે? સરોવર શી રીતે બનતા હશે? સરોવરનાં પાણી કેવાં હોય છે? કયા સરોવરનું પાણી ખારૂં હોય છે ? ગુજરાતમાં મીઠા પાણીનું સરોવર કયું છે ? અને ખારા પાણીનું કયું છે ? તળાવનું પા ણી કેવું હોય છે ?

પાઠ ૪૧ સવાલ) સમુદ્રનું પાણી ખારૂં શા માટે હોય છે ? સમુદ્ર કેટલો ઉંડો હોય છે ? નદીનું પાણી શા માટે મીઠું હોય છે? સમુદ્રમાં મોજાં શાથી થાય છે ? સમુદ્રનું પાણી રાતું; ભૂરૂં પીળું દેખાવાનું કારણ શું ? દરીઆમાં રેતી કયાંથી આવતી હશે ? દરી-આમાં શું શું પાકે છે ?

પાઠ ૪૨ સવાલ) હજીરો કયાં છે ને તે શાને માટે પ્રખ્યાત છે ? દરીઆ વિષે થોડીક વાત કહો. ભૂશિર, અખાત અને ઉપસાગર એટલે શું તે સમજાવો. બેટ શી રીતે બનતા હશે ? દ્વીપ-કલ્પ એટલે શું ? કઇ કિયા સમુદ્ર કિનારે હંમેશાં થયા કરે છે? સામુદ્રધુની અને ખાડી એટલે શું તે સમજાવો.

પાઠ ૪૩ સવાલ) ગાડાં ને હળમાં શેનું લાકડું વાપરે છે ? અને તે લાકડું વાપરવાનું કારણ શું ? લુહારને ત્યાં શું જોયું

કુંભારને ત્યાં તેઓએ શું જોયું? ઢેડવાડામાં ઢેડા શું કરતા હતા? શણનું શું બને છે? ગામડામાં વસવાયાં લોકો કયા કયા ધંધા કરે છે?

પાઠ ૪૪ સવાલ) ગામ અને શહેરનો તફાવત સમજાવો. અમદાવાદ કયાં છે? શું છે? ને શાને માટે પ્રખ્યાત છે?

પાઠ ૪૫ સવાલ) કુબેરદાસ કયાં જતા હતા? તેમની સાથે કોણ ગયું? મુખીએ કોને સલામ કરી? મામલતદારે શી શી વાત પૂછી? કુબેરદાસે શું જવાબ આપ્યા? ફોજદાર ઓવરસીઅર અને તિજોરરના કામ કહો, વેચાણુ, ગીરોખત કયું ખાતું નોંધે છે? કુબેરદાસ દવાખાનામાં શું કરવા ગયા હતા અને ત્યાં કોની સાથે વાતચીત થઈ?

પાઠ ૪૬ સવાલ) તાલુકો, જિલ્લો અને પ્રાંતની વ્યાખ્યા બોલો. એ દરેકના ઉપરીને શું કહે છે? જમીનની વસુલાત માફ કરાવવી અથવા મુલતવી રખાવવી એ કોણુ કરી શકે? પ્રાંતના મુખ્ય ખાતાના નામ દો. અને તે ખાતાઓના મુખ્ય અમલદારને શું કહે છે? તાલુકાના લેણુદેણુ સંબંધી દાવા કોણુ ચુકવે છે? તાલુકામાં પોલીસ ખાતાનો મુખ્ય અમલદાર કોણુ? જિલ્લાના દવાખાનાના ઉપરી દાક્તરને શું કહે છે?

પાઠ ૪૭ સવાલ) કલેકટરને મુખીએ શી બાબતની અરજી આપી? પોલીસના ઉપરી સાહેબને શું કહે છે? જિલ્લા જડજને શું કામ હોય છે?

ત્રીવેદી વાંચનમાળા પુસ્તક પહેલાના અર્થ

પાઠવાર અઘરા શબ્દો તથા જોડાક્ષરો.

વાર્તા	સામાન્ય	મૂળાક્ષરો	જોડાક્ષરો	પદાર્થપાઠો
પ્રાણીઓ	ચિત્રો	હોશિયારી	ભૂગોળ	માહીતી
પુસ્તકો	પોપટીઉં	વર્ણન	લિપિ	બ્રાહ્મણ
બાળબોધ	પંડિતો	અજાણુ	વરુ	અનુસ્વાર
વિસર્ગ	કુક્કડ	નર્યા	શ્રદ્ધા	ઉદ્યોગી
અજુક્તુ	ઉંમર	વિદ્યાભ્યાસ	ધ્યાન	ટકુ
મૂર્ખ	હડહડતો	કળિયુગ	ઉતર્યો	બુદ્ધિ
હિંડાડે	ખર્ચુંપાન	શ્રાવક	જાત્રા	કૂદી
ડૂબી	અક્કલ	ધણીધણિઆણી	ભક્તિ	કૃપા
નરસિંહ	ચૌદશ	શિક્ષક	અંતઃકરણ	ફેંટો
સોંપ્યો	શુદ્ધિ	આશ્ચર્ય	લગ્ન	કુટુંબ
ખૂંચેલો	ઇન્સાફ	વિજયનગર	ઘડાવ્યાં	કીમતી
સત્તર	મિલ્કત	વહેંચણ	દિવાન	ઉમેર્યા
સુશોભિત	સિપાઇઓ	પૈપૈસો	અટકાવ્યો	વિશ્વપતિ
દોડાદોડ	છુટ્યું	પ્રમાણિક	કિંમત	પોલીસ
જગકર્તા	ભૂખ્યો	સ્તુતિ	પ્રાર્થના	નિવારો
વૃદ્ધ	આગ્રહ	મુશ્કેલી	વિધવા	જાપ્તો
તુરંગ	વાણીઆ	વિકટ	તૂટી	દ્રવ્ય
લૂટી	મિઠાઈ	તાલેવંત	લૂટ	ભૂંડું
મક્કાં	યુધિષ્ઠિર	અર્જુન	ક્રોધ	વર્તણુંક

દુર્યોધન	સ્રી	દ્રૌપદી	ઝુંપડી	દુઃખ
નવાણું	કૌરવ	ચિત્રગુપ્ત	ગંધર્વ	ગુસ્સો
ન્યાયાધીશ	પ્રીતિ	ચર્ચા	સાક્ષી	શક્તિ
વિચાર્યું	ગળેપડુ	ગૃહસ્થ	નિસાસો	લંગડો
હંમેશાં	કદાપિ	શિયાળ	વિલાસપુર	મહોલ્લો
પિત્તળ	મશ્કરી	શિરોઇ	સ્વાદે	મઝા
સિવાય	દુષ્ટ	ક્લેશ	નિશ્ચય	વૃક્ષ
આશ્ચર્ય	પ્રગટે	ઉજાસ	સ્વર્ગ	રિવાજ
વર્તમાનપત્ર	લક્ષ્મી	ઉત્તર	પત્થર	પૂજે
વિદ્યાર્થી	સ્વચ્છ	તમાશો	ચોંટાડવા	ઇંદ્રિય
ઢાંકણ	કંટાળો	છિદ્રો	નુકશાન	ભિનાશ
ચોંટયો	નાહ્યા	લૂછી	પાડોશણ	વિદ્વાન
અધાટ	ફેંસલો	નિર્ણય	દિલ્હી	વિદ્યા
આસરો	વિષયો	ખુદાવંદ	મચ્છર	નમ્ર
ફાટયો	માતેલો	યુક્તિ	ગર્વ	વોશિંગ્ટન
જોજં	વિષ્ણુપ્રસાદ	પુસ્તકાલય	વૃત્તાંત	ધમકાવ્યા
હિંમત	લક્ષણ	ઇર્ષાખોર	બંદગી	અલ્લાહ
અંદેશો	સાદડી	બ્રાહ્મણ	પિડાય	ધિક્કાર
પુરુષો	ઝવેરાત	તલ્લીન	ગુરુ	ગંદકી
મુકુંદ	પશ્ચિમ	ભિખારી	નોતમલાલ	ચિંતા
મંદવાડ	ઢોલ	દિવાલ	સ્થિતિ	શિક્ષણ

ખૂશ	કિલ્લો	ઠપકો	બિછાનું	ચક્કર	રમણિય
દેશનિકાલ	બાંધણી	ભાંગ્યું	દુર્ગંધ	સ્થિર	આકૃતિ
વિવાહ	પુષ્કળ	ઢોળાયું	કૈકેયી	ચમત્કાર	દેવસ્થાન
ભાગ	સંગ્રહ	મુકાય	મંથરા	ગ્રીષ્મ	પવત
શ્રેષ્ઠ	જંતુ	મુકાવ્યો	શત્રુઘ્ન	ઋતુ	કાઠિઆવાડ
નિર્દોષ	કઠિઆરા	દોષ	અયોધ્યા	શ્યામ	શેત્રુંજા
ધડાકો	નિસાસો	મળસ્કે	કૌશલ્યા	મહિમા	પાલિતાણા
ફૂટી	ધર્માદા	નિર્મળ	સુમિત્રા	સુગંધ	લસુંદ્રા
ફૂટયો	દસમો	સંતોષ	લક્ષ્મણ	ચિત્ત	ભિંજાય
સંતાડવા	આશીર્વાદ	વિપત્ત	સંદેહ	સૂર	જન્મ
સદ્‌ગુણી	ચોકખું	ધૂળ	ચૌદ	પ્રફુલ્લ	ગમ્મત
પ્રદર્શન	શેખચલ્લી	તરુવર	મુન્સફ	પ્રહ્લાદ	સ્ક્રૂ
સીવણકામ	તર્કપ્રસાદ	વડોદરા	ચોર્યાસી	કસ્બો	ખીંટી
ગૂંથે	સજ્જડ	જિલ્લો	વંશપરંપરા	પાંદડાં	ઉત્પન્ન
ગૂંથેલી	ઢેડવાડો	ધિક્કાર	કમિશનર	ફુંકણી	મુળીઆં
નિચાણ	ગોદડાં	વત્તા	મુકુંદ	અંગ્રેજી	અગત્ય
સમુદ્ર	દોરડાં	મુકુંદ	ગોવિંદ	હાલ	ખ્યાલ
સરિતા	છુટ્ટી	સંમતિ	સરણાઈ	કંટાળતો	પિળાશ
વિચિત્ર	ઓફિસ	સાઠ	શાંતિલાલ	બેસ્વાદ	ડહોળી
મોહંમદ	મીણબત્તી	પરીક્ષા	હૂંફ	નિરોગી	નિતારી
અથડાય	ભૂટ	શ્રેષ્ઠ	હથિયાર	ધરાસણા	ગળણી

કિનારો	ઓવરસિયર	નિરાશ	વિસ્મય	પુષ્ટિકારક
દ્વીપકલ્પ	ખૂટતા	ખૂન	ગંધક	શુમારે
ટંડેલ	સખ્તી	મઝાની	ચિનાઇ	ઘુંટી
નિશાન	ભૂશિર	મુદત	ક્રિયા	સામુદ્રધુની
ભઠ્ઠો	પૈડું	દુરસ્ત	તિજોરર	ડાક્તર
કલેક્ટર	ઇન્સ્પેક્ટર	ચિકાર	પ્યાલું	લિલાશ
ઝુંમર	ધાન્ય	હાંસોટી	દાઉદખાની	અડદ
વટાણાં	થુલું	ચાળણી	ચાળણ	ફોલ્લાં
પોટીસ	કુથસો	દોડયા	ચૂંટી	ડાંડી
શાપી	ચિરાએલું	પ્રકાશ	જીવજંતુ	અથવા
સૂઠ	વૈતરી	ઇયળ	કીડિઆરી	પોષણ
કોશેટા	નિરાંત	ધોળાયા	ઊડતું	ધસારાબંધ
ખાઉધરાં	કમકમાટ	વલવલાટ	ગુચ્છો	બિલાડી
ઠેકડા	ઓચિંતી	દુશ્મનો	ઝુમખો	રતુમડો
નૂલ	રાક્ષી	ગભડી	સરત	રહેઠાણ
તૈયાર	શ્રીધર	ટુકડી	કાબરચીતરું	કીકિઆરી
લોંકડી	ખંધાઈ	વાઢ	ઘૂરકવા	મૂછ
બંટડી	મ્યાન	અગ્નિ	ધ્રુજતા	સિંહણ
ચોંટયું	ઠેલણ	ઘુઘવાટા	ગર્જના	હાડપિંજર
ટાંગ્યું	કાંડું	હૃદય	ફુંકકો	સંરક્ષણ
માંસપેસી	સૂક્ષ્મદર્શક	રક્ષણ	ઓસીકું	[illegible]

તૂટતું	કુક્કર	મશાક	વાસ્કુટ	ઝબ્ભા
ઢોરઢાંકર	ઓરાઢીએ	ઊઠવેઠ	ટકાઉ	હુંફ
ટુઆ	પરસાળ	પાણિઆરૂં	ધુમાડીઉં	ઘડિઆળ
મિનિટ	સાઠ	અઠ્ઠાવીસ	એહસાન	વિનંતી

ટીપઃ—શબ્દો આડી લીટીમાં ગોઠવ્યા છે.

કડાંની ડ્રિલ.

કડાં લોઢાંના સળીઆનાં બનાવેલાં હોય છે, અને તેનો વ્યાસ એક બિલ્લસ જેટલો હોય છે; અને તેની જાડાઇનો પરીઘ બે ઇંચનો હોય છે; તે રાતા, પીળા, વાદળી વગેરે તરેહ તરેહના પાકા રંગથી રંગેલા હોય છે.

સૂચના—૧) કડાંની દરેક રમત અગિઆર સુધી કરાવી બારે કડાં હાથ સાથે લટકતાં રખાવવાં. ૨) છેલ્લી રમતે બારે કડાં જમીન પર મુકાવી દેવડાવવાં. મુકતાં અવાજ ન થાય તે બાબત સૂચના આપવી. ૩) કડાં મુઠીમાં જોરથી દાબીને પકડવાં, અંગુઠો ટેકણમાં કડાં ઉપર રાખવો જેથી કડાં હાલશે નહિ અને પકડવાં સુગમ પડશે.

રમત ૧—તૈયાર કડાં લેવા તત્પર થવું.

ચાલો—બે કડાં બે હાથમાં લઇ હાથ પગની સાથે અડાડેલા રાખવાં.
૧) બેઉ હાથ ઉંચા. ૨) બેઉ હાથ નીચાં.

રમત ૨—૧) બેઉ હાથ સીધા લાંબા, ખભાની સીધી લીટીમાં. (મુઠ્ઠીઓ સામ સામી) ૨) બેઉ હાથ પીઠ ગમ પાછળ ખેંચી કડાં છાતી આગળ રાખવા.

રમત ૩—બેઉ કડાં એકઠાં કરી વચ્ચેથી બેઉ હાથે સામ સામા પકડવા. ૧) ઘુંટણમાંથી પગ વાળી પગના આંગળાપર વજન રાખી બેસવું એડી ઉંચી રાખવી (હાથ બે પગ વચ્ચે સીધા રાખવા) ૨) ઉભા થવું ને કડાં માથા ઉપર ધરી રાખવાં. (ઉભા થતી વખતે એડી જમીનપર ઠોકવી જોઇએ)

રમત ૪—કડાં છુટા કરી એકેક હાથમાં પકડવાં. ૧) જમણો હાથ જમણી તરફ. ખભાની સીધી લીટીમાં લંબાવવો. (ડાબો હાથ લટકતોજ રહેવા દેવો.) ૨) એકથી ઉલટું.

રમત ૫—૧) જમણો હાથ સામો લાંબો કરવો. (ડાબો હાથ લટકતોજ રહેવા દેવો.) ૨) એકથી ઉલટું.

રમત ૬—૧) જમણો હાથ ઉંચો (ડાબો હાથ લટકતોજ રહેવા દેવો.) (૨ એકથી ઉલટું.

રમત ૭—૧) બેઉ હાથ ઉંચા (મુઠીઓ સામસામે) ૨) બેઉ કડાં પગના આંગળા આગળ (પગ ઘુંટણમાંથી સીધા રાખવા.)

રમત ૮—બેઉ હાથ ઉંચા (મુઠીઓ સામસામે) ૧) જમણો હાથ મોં સામેથી ઉપલી તરફથી લઇ ફેરવીને ઉંચો રાખવો, (ડાબો હાથ લટકતોજ રાખવો) ૨) એકથી ઉલટું.

રમત ૯—૧) બેઉ હાથ સામા લાંબા (મુઠીઓ સામસામે) ૨) બેઉ હાથ પાછળ લાંબા.

રમત ૧૦—૧) બેઉ હાથ ખભાની સીધી લીટીમાં (મુઠીઓ આકાશ તરફ) ૨) બેઉ હાથના અંગુઠા ખભાને અટકાડવા.

જાહેર ખબર.

સાતમીના અર્થ કિંમત દશ આના (જેની અંદર શબ્દાર્થ વ્યુત્પત્તિ અને રૂઢ પ્રમાણે. બંને રીતે; શાસ્ત્રીય પદ્ધતિથી સંપુર્ણ વ્યુત્પત્તિ; કવિતાનું વિવરણ–સ્ફુટીકરણ; સમાસ પ્રકરણ; બારએલ્સની ડ્રિલ વગેરેનો વિસ્તારથી સમાવેશ કરેલો છે.)

છઠ્ઠીના અર્થ કિંમત ૯ આના—(જેની અંદર શબ્દાર્થ વ્યુત્પત્તિ અને રૂઢ પ્રમાણે, બને રીતે; કવિતાનો અન્વય; સમજુતી; વ્યુત્પત્તિ; પાઠના સવાલ; પાઠના સાર વિગેરે.)

પાંચમીના અર્થ કિંમત ૮ આના—(જેની અંદર અર્થ કવિતાની સમજુતી; વ્યુત્પત્તિ; પાઠના સવાલ; પાઠનો સાર; અપુર્ણાંકના નિયમો; અઘરા શબ્દો; જોડાક્ષરો; વગેરે)

ચોથીના અર્થ કિંમત ૭॥ આના—(જેની અંદર અર્થ કવિતાની સમજુતી; તમામ પાઠના સવાલ; પાઠનો સાર; અઘરા શબ્દો; જોડાક્ષર; ડ્રિલ; મુંબઇ ઇલાકાની ભુતળ વગેરે)

બીજીના અર્થ કિંમત ૪ આના—(જેની અંદર અર્થ; કવિતાની સમજુતી; પાઠનો સાર; અઘરા શબ્દો જોડાક્ષરો; બીજા ધોરણમાં કિન્ડરગાર્ટન પદ્ધાત મુજબ શીખવવાની ભૂગોળ ડમ્બેલ્સની ડ્રિલ વગેરે)

પહેલીના અર્થ કિંમત ૨॥ આના. (જેની અંદર અર્થ; કવિતાની સમજુતી; અઘરા શબ્દો, જોડાક્ષરો, ડમ્બેલ્સની ડ્રિલ પાઠના સવાલ તથા સાર વગેરે.)

બાળવર્ગની નોટ કિંમત બે આના—(ખાસ બાળવર્ગના શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ માટે) (જેની અંદર મૂળાક્ષર શિક્ષણ; ત્રણ રીતે મૂળાક્ષર લખવાનો ક્રમ; કાના માત્રા વગરના બે અને ત્રણ અક્ષરના શબ્દો કિન્ડરગાર્ટન પદ્ધતિ મુજબ બારાખડી શિક્ષણ, આંક, અર્થ, ગીત તથા કવિતાની સમજુતી, આંકનો ઉપયોગ, સરવાળાના કોઠો, બાદબાકીના કોઠા, ડ્રિલ ગીત સાથે, તેમજ સાદી દડાની રમત, એકથી પાંચ સુધી ઉમેરવા તથા બાદ કરવા વિષે પાઠ વિગેરે,)

ત્રીવેદી વાચનમાળા પુસ્તક ૧ લાના અર્થ.

કન્યા વાચનમાળા પુસ્તક ૧ લાના અર્થ ૦-૪-૦
કન્યા વાચનમાળા પુસ્તક ૨ જાના અર્થ ૦-૫-૦
કન્યા વાચનમાળા પુસ્તક ૩ જાના અર્થ ૦-૭-૦

બાળપોથીનો ડિકટેશન શિક્ષક બે આના.
પહેલી ચોપડીનો ડિકટેશન શિક્ષક ભા. ૧ બે આના
બીજી ચોપડીનો ડિકટેશન શિક્ષકભા. ૨ અઢી આના
ત્રીજી ચોપડીનો ડિકટેશન શિક્ષક ભા. ૩ ત્રણ આના.
ચોથી ચોપડીનો "ડિકટેશન શિક્ષક "ભા. ૪ ચારઆના
પાંચમી ચોપડીનો "ડિકટેશન શિક્ષક"ભા ૫ ચારઆના

છગનલાલ મોતીરામ શાહ.

શાહપોર—સુરત.